**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની સફળ રજૂઆત...**
**સૌષ્ટ્રના નિકાસકારોને MEIS Scheme હેઠળ મળવપાત્ર રકમનો લાભ ટૂંક સમયમાં મળશે....**

નિકાસકારો કોરોના મહામારીના લોકડાઉનમાંથી પસાર થઈ આર્થિક મંદીનો સામનો કરી રહયા છે અને ધંધા-રોજગાર ઉપર ગંભીર અસર પડી રહી છે અને તેમાંથી ઉજાગર થવા પ્રયાસ કરી રહયા છે. નિકાસકારો તેઓના ઓર્ડર બુક કરતી વખતે Merchandise Exports from India Scheme (MEIS) સ્કીમ હેઠળ મળતા વિવિધ લાભોને નજર સમક્ષા રાખીને ઓર્ડર કિંમત નકકી કરતા હોય છે. ત્યારે કેન્દ્ર સરકારની નિકાસકારો માટેની MEIS Scheme હેઠળ નિકાસકારોને જે મળવાપાત્ર લાભો ચુકવવાનો બાકી હતા તે અંગે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થ ગણાત્રા દ્વારા કેન્દ્રના વાણિજયમંત્રીશ્રી પિયુષ ગોયેલ તથા સાસંદ સભ્યશ્રી મોહનભાઈ કુંડારીયા સમક્ષ અવાર-નવાર રજુઆતના ફળ સ્વરૂપે આ સ્કીમ હેઠળ સૌરાષ્ટ્રના નિકાસકારોના એપ્રિલ-૨૦૨૦ થી ડિસેમ્બર ૨૦૨૦ સુધીના અટવાયેલ મળવાપાત્ર આશરે રૂ.૧૫૦૦ કરોડ ફાળવવામાં આવેલ છે. જે ટૂંક સમયમાં આ રકમનો લાભ નિકાસકારોને મળશે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.